એનું નામ ફકીર, જેની મેરું જેવડી ધીર, પ્રસન્ન મનથી ભોગવે પોતે, દુઃખીજનોની પીડ, વિપત્તિથી એ વણસે નહિ ને, પીવે સંતોષના નીર...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૨ | ૧૦ ઓગસ્ટ, ૨૦૨૦, સોમવાર; શ્રાવણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૭૮ |
| અમદાવાદ | ૧૫૩ |
| ગાંધીનગર | ૨૭ |

# દેશમાં કોરોનાનો પ્રકોપ : વધુ ૬૭૯૬૯ કેસ



**કુલ કેસો ૨૨ લાખની નજીક : છેલ્લા ૨૪ કલાકમાં ૮૭૫ના મોત : મહારાષ્ટ્રમાં રેકોર્ડ ૧૨ હજાર ૮૨૨ કેસ નોંધાયા, ૧ હજાર ૮૦ નવા કેસ સાથે આંધ્રપ્રદેશ બીજા નંબરે : ગુજરાત અને કેરળ સહિત ૭ રાજ્યોમાં જેટલા નવા કેસ આવ્યા એનાથી વધુ સાજા થયા**

ન્યુ દિલ્હી,તા.૯

સમગ્ર દેશમાં શનિવારે અનલોક-૩ના ૮મા દિવસે એક જ દિવસમાં સૌથી હાઈએસ્ટ ૬૫ હજાર કરતાં વધારે કેસો સામે આવ્યાં હતા અને વધુ ૮૭૫ના મોત થયા હતા. આરોગ્યમંત્રાલય દ્વારા આજે રવિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના કેસોના આંકડા જાહેર કરાયા ત્યારે એક દિવસમાં ૬૫,૧૫૬ કેસો નોંધાયા હતા. તે સાથે કુલ કેસોની સંખ્યાં ૨૧,૫૨,૦૨૦ પર પહોંચી ગઈ હતી. આ જ સમયગાળામાં વધુ ૮૭૫ના મોત સાથે કુલ મૃત્યુઆંક વધીને ૪૩,૪૫૩ પર પહોંચી ગયો છે. આ જ સમયગાળામાં ૫૨ હજાર કરતાં વધારે લોકો સાજા પણ થયા હતા અને કુલ સાજા થયેલી સંખ્યાં ૧૪,૭૯,૮૦૪ પર પહોંચી છે.અનલોક-૩મા જીમ-યોગા વગેરેને ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. જો કે સ્કૂલ વગેરે. હજુ ૩૧ ઓગસ્ટ સુધી બંધ છે. મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં રેકોર્ડ ૧૨ હજાર ૮૨૨ કેસ

● અનુસંધાન પાન-૭ પર

## બ્રાઝિલમાં કોરોનાનો આતંક: મૃત્યુઆંક એક લાખને પાર

બ્રાઝિલ,તા.૯

કોરોના વાઈરસના કારણે બ્રાઝિલમા મૃત્યુનો આંક ૧ લાખને પાર થઈ ગયો છે. કોરોનાથી થયેલા મોતના આંકડાના કારણે અમેરિકા બાદ બ્રાઝિલ બીજા નંબર પર છે. બ્રાઝિલમા હજુ સુધી ૧ લાખ ૪૭૭ લોકોના મૃત્યુ થઈ ગયા છે. જ્યારે, સમગ્ર દુનિયામા મૃત્યુ પામનારનો આંકડો ૭ લાખ ૨૨,૦૦૦ સુધી પહોંચી ગયો છે.



૨૧ કરોડની વસ્તીવાળા દેશમા મે મહિના બાદ આ મહામારીના કારણે દરરોજ ૧૦૦૦થી વધુ લોકોના મૃત્યુ થયા છે અને શુક્રવાર રાત સુધીમા કુલ ૯૯,૫૭૨ લોકો મૃત્યુ પામ્યા. સ્વાસ્થ્ય મંત્રાલયએ જણાવ્યુ છે કે, કોરોના વાયરસના કુલ ૨,૯૬૨,૪૪૪ કેસો આવ્યા છે.

સંક્રમણ અને મોતના કેસોમા અમેરિકા બાદ બ્રાઝિલ બીજા નંબરે છે. વિશેષજ્ઞોનુ માનવુ છે કે, બીજા કેટલાક દેશોની જેમ અહીં પૂરતી તપાસના અભાવે કેસોની વાસ્તવિક સંખ્યા અને મોતના સાચા આંકડા સામે આવતા નથી.

ખુદ કોરોના વાઈરસ પોઝીટીવ થયેલા રાષ્ટ્રપતિએ જેર બોલસોનારો આ બીમારીની અસર વિશે સતત શંકામા રહ્યા છે અને અર્થવ્યવસ્થા પર સતત પ્રતિબંધો હટાવી રહ્યા છે. તેઓ સતત ભીડમા જોવા મળ્યા છે અને કેટલીક વાર તો માસ્ક વગર જોવા મળ્યા છે. દેશમા કોરોનાથી થયેલા મૃત્યુનુ મને દુઃખ છે, આંકડો ૧,૦૦,૦૦૦ની સંખ્યા સુધી પહોંચી ગઈ છે.

## અમિત શાહનો કોરોના ટેસ્ટ નથી કરાયો : ગૃહ મંત્રાલય

ન્યુ દિલ્હી,તા.૯



હોમ મિનિસ્ટર અમિત શાહનો બે ઓગસ્ટના રોજ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેમને મેદાંતા હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યા હતા. જેના એક અઠવાડિયા પછી એટલે કે આજે અમિત શાહનો ફરી રિપોર્ટ કરવામાં આવ્યો હતો તેવી માહિતી ભાજપના નેતા મનોજ તિવારીએ આપી હતી અને આ ટેસ્ટમાં તેઓ નેગેટિવ આવ્યા છે, તેવી ટ્વીટ તેમણે કરી હતી. મનોજ તિવારીએ પોતાની ટ્વીટમાં લખ્યું હતુ કે, દેશના ગૃહમંત્રી અમિત શાહનો કોવિડ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

જો કે મનોજ તિવારીએ આ ટ્વીટને થોડા જ સમયમાં ડિલીટ કરી નાખી હતી. તે પાછળનું કારણ હજુ જાણવા મળ્યું નથી. પરંતુ તે ટ્વીટ ડિલીટ કરે તે પહેલા જ અનેક લોકોએ તેનો સ્ક્રીનશોટ લઈને તેને સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. લોકોએ સવાલ ઉઠાવ્યો હતો કે, અમિત શાહનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે કે નહીં. આ અંગે હોમ મિનિસ્ટ્રીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, અમિત શાહનો કોરોના ટેસ્ટ હજુ કરવામાં આવ્યો નથી.

અગાઉ સોશીયલ મીડીયામાં ગૃહમંત્રી અમીત શાહનો કોરોના ટેસ્ટ નેગેટીવ આવ્યાના સમાચારો વહેતા થયા હતા. જેના પગલે ગૃહમંત્રાલયે મોડીસાંજે સ્પષ્ટતા કરી હતી કે, ગૃહમંત્રીશ્રી અમિત શાહનો કોઈ નવો ટેસ્ટ કરાયો નથી.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૯૮૯૩૯૯૫ | ૭૩૧૦૯૮ | ૧૨૭૨૨૯૩૧ |
| ભારત | ૨૧૯૯૨૪૦ | ૪૪૦૫૧ | ૧૫૧૭૨૨૭ |
| ગુજરાત | ૭૧૦૬૪ | ૨૬૫૪ | ૫૪૨૩૮ |
| ગાંધીનગર | ૧૮૨૧ | ૧૦૦ | ૧૪૦૩ |

## ૧૦૧ સંરક્ષણ ઉપકરણોની આયાત પર રોક : રાજનાથસિંહ

**ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મોદી સરકારનું સૌથી મોટું પગલું : - હવે દેશમાં જ બનશે આર્ટિલરી ગન અને અસોલ્ટ રાઈફલ, આગામી ૬-૭ વર્ષમાં ૪ લાખ કરોડ રૂપિયાની કિંમતના કોન્ટ્રાક્ટ સ્વેદેશી કંપનીઓને આ ઉપરકરણોના ભારતમાં ઉત્પાદન થવાના કારણે મળે તેવું આયોજન**

ન્યુ દિલ્હી,તા.૯

રક્ષા મંત્રાલયે ‘આત્મનિર્ભર ભારત’ અભિયાનને મોટું બુસ્ટ આપવાની તૈયારી કરી લીધી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે રવિવાર સવારે કહ્યું કે મંત્રાલયે ૧૦૧ વસ્તુની યાદી તૈયારી કરી છે જેમની આયાત પર પ્રતિબંધ મૂકશે. આ યાદીમાં સામાન્ય પાર્ટસ સિવાય કેટલીક હાઈટેકનોલોજી વેપન સિસ્ટમ પણ સામેલ છે. એક નેગેટિવ આર્મ્સ લિસ્ટ તૈયાર કરાયું છે તેના અંતર્ગત કેટલીક વેપન સિસ્ટમ્સ અને પ્લેટફોર્મ્સની આયાત પર પ્રતિબંધ મૂકાશે જેથી કરીને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળી શકે. આ યાદી સેનાની જરૂરિયાતના હિસાબથી સમય-સમય પર અપડેટ કરાતી રહેશે. સિંહના મતે આ રક્ષા ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતાની દિશામાં એક મોટું પગલું છે. તેમણે કહ્યું કે આ નિર્ણય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન બાદ લેવાયો છે. આ નિર્ણયથી ભારતની ડિફેન્સ ઈન્ડસ્ટ્રીઝને મોટાપાયા પર ઉત્પાદનની તક મળશે.

રક્ષાક્ષેત્રમાં સ્થાનિક ઉત્પાદનને વધારવા માટે મંત્રાલયે જે યાદી બનાવી છે તેમાં સેના, પબ્લિક, અને ખાનગી ઈન્ડસ્ટ્રીઝ સાથે ચર્ચા બાદ તૈયાર કરાઈ છે. સિંહે કહ્યું કે આ ૧૦૧ વસ્તુઓમાં માત્ર સરળત વસ્તુ જ સામેલ નથી પરંતુ કેટલીક ઉચ્ચ તકનીકવાળી હથિયાર સિસ્ટમ પણ છે જેમકે આર્ટિલરી ગન, અસોલ્ટ રાફઈલો, ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ, એલસીએચએસ, રડાર અને બીજી કેટલીય વસ્તુઓ છે જે આપણી રક્ષા સેવાઓની જરૂરિયાતો પૂરી કરવા માટે છે. રાજનાથ સિંહના મતે આવી

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- કેન્દ્રના મંત્રી અર્જુન મેઘવાલ અને કર્ણાટકના આરોગ્ય મંત્રી શ્રીરામુલુ કોરોના પોઝિટિવ
- સંજય દત્તને બીજા દિવસે પણ સારવાર યથાવત
- અમદાવાદ પંચવટી પાસેના સેન્ટ્રલ મોલને સીલ કરાયો
- ભૂજમાં ચાર વખત ધરતીકંપના આંચકા અનુભવાયા.
- હિન્દુ-મુસ્લિમ કારીગરો માટે રામમંદિર માટે ૨.૧ ટનનો ઘંટ તૈયાર કરાયો.
- લદાખમાં સૈનિકો નહિ હટાવવા ચીનની જીદ
- દિલ્હીમાં સ્વતંત્રતા દિવસની તૈયારીઓ શરૂ: ૩૫૦ પોલીસ કર્મી ક્વૉરન્ટાઈન કરાયા

## આંધ્રપ્રદેશમાં કોવિડ કેર સેન્ટરમાં આગ : ૧૧નાં મોત

**વિજયવાડાની એક ખાનગી હોસ્પિટલ આગ લાગી : ઘટનાને પગલે પ્રધાનમંત્રીએ શોક વ્યક્ત કર્યો, આંધ્રના મુખ્યમંત્રીએ પીડિતોને તમામ શક્ય સહાયતા આપવા ખાતરી આપી : ઘટનાની તપાસના આદેશો**






વિજયવાડા, તા. ૮

રવિવારે સવારે પાંચ વાગ્યે વિજયવાડાની એક ખાનગી હોસ્પિટલ દ્વારા કોવિડ -૧૯ કેર સેન્ટરમાં ફેરવવામાં આવેલી હોટલમાં આગ લાગતાં ૭ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જોકે હવે મૃત્યુઆંક વધીને ૧૧ પર પહોંચી ગયો છે. જોકે મૃત્યુઆંક વધે તેની પણ શક્યતા છે. ઘટના બની ત્યારે ૩૦ જેટલા કોરોનાના દર્દીઓની સારવાર કરવામાં આવી રહી હતી. પ્રારંભિક અહેવાલો અનુસાર ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું કહેવાઈ રહ્યું છે. ઘટનાને પગલે પીએમ મોદીએ ટ્વિટ કરીને શોક વ્યક્ત કર્યો છે. ઈલુરુ રોડ પર આવેલી સ્વર્ણા પેલેસ હોટલને કોવિડ-૧૯ દર્દીઓની સારવાર માટે રમેશ હોસ્પિટલ દ્વારા લીઝ પર લેવામાં આવી હતી. હોસ્પિટલ દ્વારા છેલ્લા બે અઠવાડિયામાં લગભગ ૩૦ દર્દીઓ સ્વર્ણા પેલેસમાં દાખલ થયા હતા. ઘટના સમયે ૧૦ જેટલા પેરા મેડિકલ સ્ટાફ તેમની મદદ કરી રહ્યા હતા. અધિકારીઓના મતે મોટાભાગના મોત ગૂંગળામણને લીધે થયા છે. કોવિડ -૧૯ દર્દીઓ પહેલેથી જ શ્વસન સમસ્યાઓથી પીડાઈ રહ્યા હતા, તેવામાં ગૂંગળામણને કારણે તેમની સ્થિતિ વધુ વકરી છે.

● અનુસંધાન પાન-૭ પર

## જોધપુરમાં ૧૧ પાકિસ્તાની શરણાર્થીઓનાં મોતથી ચકચાર

**ઝેરી ગેસના કારણે મોત નીપજ્યું હોવાનું અનુમાન હોવાનું બહાર આવ્યું, પોલીસ સ્ટેશનના અધિકારી ઘટનાસ્થળે**

જોધપુર, તા.૯

રાજસ્થાનના જોધપુરમાં ૧૧ પાકિસ્તાની શરણાર્થીઓના મોત નીપજ્યાં છે. હાલમાં મોતનું કારણ જાણી શકાયું નથી. ઝેરી ગેસના કારણે મોત થયું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. દેચુ પોલીસ મથકના લોટા વિસ્તારની આ ઘટના છે. દેચુ પોલીસ મથકના અધિકારી હનુમાન રામ ઘટનાસ્થળે પહોંચી આવ્યા છે. પ્રાથમિક વિગતો મુજબ તમામ મૃતકો પાકિસ્તાનથી વિસ્થાપિત થયા હોવાનું કહેવાય છે. આ બધા લોકો અચલાવતા ગામે ખેતીકામ કરતા હતા. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. એક સાથે ૧૧ મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.






## વડાપ્રધાનની ખેડૂતોને એક લાખ કરોડની ભેટ

**૮.૫ કરોડ ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર થયા ૧૭ હજાર કરોડ રૂપિયા : કૃષિ વિકાસ ફંડથી કોલ્ડ સ્ટોરેજ, કલેક્શન સેન્ટર, પ્રોસેસિંગ યૂનિટ તૈયાર કરાશે : ખેડૂતો તાજી શાકભાજી ઉગાડવાની દિશામાં આગળ વધશે**

ન્યુ દિલ્હી,તા.૯

પીએમ નરેન્દ્ર મોદીએ આજે દેશભરના ખેડૂતોને એક લાખ કરોડ રૂપિયાની ભેટ આપી છે. એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ ખેડૂતોને પાકની વધુ સારી કિમત મળે તે માટે ફાઈનાન્સિંગની સુવિધા મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત નાણાંકીય સુવિધાઓની જાહેરાત કરી હતી. વડાપ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી પીએમ-કિસાન યોજનાની વિવિધ સુવિધાઓની જાહેરાત કરી હતી. આ સાથે જ વડાપ્રધાને વર્ચ્યુઅલ કાર્યક્રમમાં એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત ૮.૫ કરોડ કરતા વધારે ખેડૂતો માટે ૧૭,૦૦૦ કરોડ રૂપિયાની રાશિ ફાળવી છે.

વડાપ્રધાને કહ્યું કે, આજે હળષષ્ટી છે, ભગવાન બલરામની જયંતી છે. તમામ દેશવાસીઓને, ખાસ કરીને ખેડૂત સાથીઓને હલછઠની, દાઉ જન્મોત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. હલષષ્ટી અને ભગવાન બલરામની જયંતિના અત્યંત પાવન અવસર પર દેશમાં ખેતી સાથે સંકળાયેલી સુવિધાઓ તૈયાર કરવા એક લાખ કરોડ રૂપિયાનું વિશેષ ફંડ લોન્ચ કરવામાં આવ્યું છે.

વડાપ્રધાને જણાવ્યું કે, ૮.૫ કરોડ ખેડૂત પરિવારોના ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિ તરીકે ૧૭,૦૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરતા મને ખૂબ જ સંતોષ

● અનુસંધાન પાન-૭ પર

## મહિંદા રાજપક્ષે ચોથી વખત શ્રીલંકાના વડાપ્રધાન બન્યા

કોલંબો,તા.૯

મહિંદા રાજપક્ષે ચોથી વખત શ્રીલંકાના વડાપ્રધાન બન્યા છે. રવિવારે રાજધાની કોલમ્બોના ઐતિહાસિક રાજમહા વિચાર્યા બૌદ્ધ મંદિરમાં ૭૪ વર્ષીય મહિંદાએ શપથ ગ્રહણ કર્યા છે. મહિંદાને શપથ તેમનાથી ત્રણ વર્ષ નાના ભાઈ અને રાષ્ટ્રપતિ ગોતબાયા રાજપક્ષેએ લેવડાવ્યા.